# પાકા ઘડા

**–કીશોર રાવળ**

એક શીયાળે અમે ભારત ગયેલાં અને ‘ચલકચલાણું ઓલે ઘરે ભાણું’ કરતાં ગામે ગામે ફરી સ્નેહીઓને મળવામાં પડ્યાં. વીદ્યાનગર ગયાં. અમારા હોસ્ટ(મેજબાન) સુર્યકાન્ત કહે દર ગુરુવારે એમના ઘર પાસે એમનું એક ગ્રુપ દસ વર્ષોથી નીયમીત મળતું રહે છે. “ભેગાં મળી કંઈને કંઈ વીષય પર વીચારોની આપ–લે કરીએ છીએ. કાલે ગુરુવાર છે, તમે આવશો ?” એટલે આપણે તો પાડી હા. એમણે ગુરુવારીયા ગ્રુપનો વીધી સમજાવ્યો. દર વખતે બીજા અઠવાડીયા માટે એક વીષય નક્કી કરે અને સભ્યોમાંથી એક માણસને એનું તંત્ર સોંપી દઈએ. તૈયારી કરી એ વીષય પર બોલવા એને છ મીનીટ અપાય. અને પછી બીજાઓ પોતપોતાના અભીપ્રાય ત્રણ ત્રણ મીનીટની મર્યાદા જાળવી રજુ કરે. અને બસ, ચાપાણી કરીને છુટ્ટા પડે ! સભાનો સમય, સાંજના વાળુ પછી આઠ વાગે નીશ્ચીત, જગા નીશ્ચીત અને એક સવા કલાકમાં સભાની સમાપ્તી પણ નીશ્ચીત !

મેં પુછ્યું, “આ વખતનો વીષય શો છે ?”

“યુનીવર્સ – બ્રહ્માંડ”

પડશે એવા દેવાશે કહીને અમે તે દીવસે સાંજે ઉપડ્યાં સંગે સંગે. મને બ્રહ્માંડનો પરીચય સીત્તેરેક વર્ષનો ! મળવાની જગા તે દીવસે બાજુની ગલીમાં જ હતી. જઈને બેઠાં. આઠ વાગ્યા સુધીમાં છ સાત સભ્યો આવી ચડ્યા હતા એટલે ઘડીયાળને ટકોરે મુખ્ય વક્તાએ શરુઆત કરી. ચાલો, મનમાં એક ઉંડી રાહત અનુભવી કે ક્યાંક તો સમયસર કાર્યક્રમો શરુ થાય છે ! બ્રહ્માંડનું ભવીષ્ય ઉજળું છે.

પહેલા વક્તાએ વૈજ્ઞાનીક દૃષ્ટીથી બ્રહ્માંડ રજુ કર્યું. આટલું પહોળું, આટલું ઉંડું, આટલું લાંબું; તેમાં નવલખ ઉપર આટલા ગપ્તાલીસ ગ્રહો અને આટલા ક્રોડ તારાઓ છે; કેટકેટલી આકાશગંગાઓ વહે છે; કેટલા ગ્રહો રોજ જન્મે છે; કેટલાનું ઉઠમણું થાય છે; કેવાં રંગો–રુપો સર્જાય છે; કોઈ ચાલે પંજાબમેઈલની ઝડપે અને કોઈ કવીની જેમ ધીર ગંભીર ચાલે. છ મીનીટમાં બ્રહ્માંડનાં વાઈટલ સ્ટેટીસ્ટીક્સનાં, ભૌતિક અંશોનાં માપ–તાલ મળી ગયાં.

બીજા ભાઈએ કવીની દૃષ્ટીથી બ્રહ્માંડની વાત કરી. ‘બ્રહ્મનો હીંડોળો ઝાકમઝોળ’ પંક્તીઓથી કવી ન્હાનાલાલને અંજલી આપી, નરસીંહ મહેતાને યાદ કરતાં ‘બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે’માં નખરાળું બ્રહ્મ નીહાળ્યું. અને બ્રહ્માંડની વીશાળતા, ભવ્યતા બસ, ખાલી પચાસેક સ્વર–વ્યંજનના સંકલનમાં ઝડી દીધાં.

કોઈએ ‘બહાઈ’ ધર્મ પ્રમાણે વીશ્વની શરુઆત અને અંત આપણાં જન્મ અને અંત સાથે જોડાયેલાં છે, એ સીદ્ધાંતોનું પ્રતીપાદન કર્યું. મને અમેરીકન કવી રોબર્ટ ફ્રોસ્ટ યાદ આવી ગયા. ‘આખા વીશ્વના સર્જન પાછળનો હેતુ માત્ર એક તમે જ છો. બસ !’

પછી આવ્યો મારો વારો. અને મેં બે ફદીયાભાર મારું ઉમેર્યું, મારો મમરો જ કહોને ! મારું માનવું છે કે માણસ જન્મજાત બીજ ગણીતીયો જ છે. અને ગણીતની બીજી બધી શાખાઓ જન્મી એ પહેલાંનો. ન સમજાય, ન મપાય તેવી વસ્તુને જોઈ આભો તો થઈ જાય; પણ સાથોસાથ એને ‘એક્સ’ કહે, ‘વાય’ કહે, ‘બ્રહ્માંડ’ કહે, ‘સૃષ્ટી’ કહે, ‘ભગવાન’ કહે અને અટક્યા વગર ગાડી ગબડાવે. જેમ જેમ જ્ઞાન વધે, સમજ વધે તેમ તેમ ‘સુર્યનારાયણ’ કે ‘ચાંદામામા’ સુરજ અને ચાંદો બને. ‘સર્વશક્તીમાન દેવગણ’ના સભ્યો મટી ‘મૈં અપની ધુનમેં રહતા હું,’ એમ કહી ધુમતા રહેતા ગ્રહો અને તારાઓ બને છે. વીસ્મય એટલું ને એટલું જ રહે, આંખો એટલી ને એટલી જ પહોળી રહે, ભય જતો રહે; પણ જેમ સમજ વધે એમ તેની જુની એક્સ, વાય કે ઝેડની વૅલ્યુ ભુંસાતી નથી અને પોષી પુનમો કરતાં રહી છીએ, કુંભમેળે જતાં રહીએ છીએ, ‘ઓમ ભુર્ભુવસ્વઃ...’ બોલતાં બોલતાં સુર્યનમસ્કારો કરતાં રહીએ છીએ. જુના વીચારોને બદલે ‘આનું મુલ્ય ખાલી ઐતીહાસીક જ છે’ એમ નથી કહેતા કે નથી લખતા અને પરીણામે જુનાં-નવાં મુલ્યોના ગોટાળા વધતા જાય.

સુર્યકાન્તે ફીલસુફીની દૃષ્ટીએ બ્રહ્માંડનો ભેદ ફોડ્યો. બ્રહ્માંડની વીશાળતા, અસ્પૃશ્યતા, એનો વીસ્તાર માનવીને પોતાની અલ્પતા, શુદ્રતાનો અનુભવ કરાવી નમ્ર બનાવવા માટે છે અને ખાલી બ્રહ્માંડદત્ત ખોબા જેવડાં મગજમાં સમાયેલી બુદ્ધીથી એને માપવા પ્રેરે છે.

કોઈએ કહ્યું કે આપણે વાતો કરીએ ભવ્ય મીસીસીપી નદીઓની અને આપણાં વોંકળામાં તો ઉંધે માથે ગળાબુડ પાણી માંડ મળે તેનું શું ? બ્રહ્માંડને છોડી તળ પર શી શી અજાયબીઓ, સાક્ષાત્કારો, થનગનાવે તેવી વસ્તુઓ છે, સભર સૃષ્ટી છે એની વાત કરોને ?

ફાંકડી ચા આવી. એકેક પ્લેટમાં નાસ્તો પીરસાયો. સૌ જમીને આવેલાં છતાં બધાંની પ્લેટ સફાચટ થઈ ગઈ એ પણ વીશ્વની અજાયબી જ કહેવાય ને ? આનંદનો ઓડકાર અજીર્ણનો ઓડકાર ન બને તો સારું એમ વીચારતા અમે ઘરભણી ઉપડ્યા..

સુર્યકાંત કહે, ‘‘આટઆટલાં વર્ષોથી, (લગભગ આઠેક વર્ષો થયાં હશે), અમે નીયમીત મળીએ છીએ. એક બીજા પાસે આપણું આગવું મંતવ્ય રજુ કરી, ‘કોઈ એકને તો મારા મત તરફ ફેરવવું’ એવી એક અડગ શ્રદ્ધાથી. અને મને યાદ નથી આવતું કે કદી કોઈએ, ક્યારેય, કોઈનોય અભીપ્રાય બદલાવ્યો હોય !’’

મને એક રીતે આપણા પર હસવું આવ્યું કે સામાન્ય રીતે “તમે ઉંડો વીચાર કરશો તો મારી સાથે સમ્મત થશો” એમ કહી આપણે બીજાને શરમમાં નાખીએ છીએ. મને પોતાને ઘણીવાર લાગે છે કે, મેં સીત્તેર સીત્તેર વર્ષથી પંપાળી પોષેલાં મંતવ્યો આ ચાળીશ વર્ષનો છોકરો ચળાવી દે એ કેમ બને ? આટલાં વર્ષો એળે ગયાં ? એ કેમ ચલાવી લેવાય ?

પછી થયું કે લોકો આને જ ‘પાકા ઘડા’ કહેતા હશે ને ! ‘નવા કાંઠા ચડે કે નહીં’, એ બાજુએ મુકીએ; પણ એવા માનસનો ઈલાજ કાઢવો રહ્યો.’

તો આવો, કહો મને તમારા વીચારો. હું કાન દઈને સાંભળવાનું વચન આપું છું.

અને પછી તમારો વારો, મને સાંભળવાનો …

**–કીશોર રાવળ**

લેખકની વેબસાઈટ ‘કેસુડાં ડૉટ કૉમ’ http://kesuda.com/mag01/magazine.htm ના જુન 2003ના અંક 24માં આ લેખ પ્રગટ થયો હતો.. લેખકની પરવાનગીથી સાભાર…

**સર્જક–સંપર્ક :**

Kishor Raval, 9023 Unit B Ayrdale Crescent, Philadelphia-Pa-19128-USA
Phone- 215-482-0924 EMail - raval.kishor@gmail.com

**સર્જન :** ટુંકી વાર્તાઓનો સંગ્રહ **‘અમે ભાઠાવગરનાં’**, પ્રકાશન વર્ષ:૨૦૦૫, પ્રકાશક: ‘ગુર્જર ગ્રંથરત્ન’, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ.

લેખકે ૧૯૯૯થી પોતાની વીખ્યાત ‘કેસુડાં ડૉટ કૉમ’ http://kesuda.com વેબસાઈટ, ‘ગોપીકા’ ફોન્ટમાં શરૂ કરેલી. ૨૦૦૭ સુધી તે તેમણે એકલે હાથે સંભાળી. કલા અને સાહીત્યનો અદ્ભુત સંગમ ત્યાં અનુભવાતો. બધા અંકો પીડીએફ સ્વરુપે ઉપરોક્ત વેબસાઈટ પર હજી ઉપલબ્ધ છે. રસીકોએ ત્યાં કદીક આંટો મારી એ કલાત્મક સંપાદનનો રસ માણવા જેવો ખરો. અમે તો કીશોરભાઈને વીનવીએ કે ફરી ‘કેસુડાં’ ખીલવો યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’માં. હાલ કીશોરભાઈ અને કોકીલાબહેન અમેરીકામાં નીવૃત્ત જીવન ગાળે છે.

*લેખકશ્રી કીશોર રાવળનું ચીત્ર, એમનો પરીચય અને અગાઉ 2006માં 55મી ‘સ.મ.’માં પ્રકાશીત થયેલી એમની મઝેની વાર્તા ‘ભુવનમનમોહીની’ વાંચવા માટે* http://www.gujaratilexicon.com/admin/upload/SeM/sm-55.0--2006-06-25--bhuvanmanmohini--kishor-raval.pdf *પર માત્ર ક્લીક કરતાં જ આપ તે માણી શકશો …*

‘સન્ડે ઈ–મહેફીલ’ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર ન્યુ જર્સી–અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ શ્રી હરનીશ જાની (harnish5@yahoo.com)નો ખુબ ખુબ આભાર…

–બળવન્ત પટેલ અને ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ છઠ્ઠું – અંકઃ 211 – February 13, 2010

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than **66,00,000** Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than **6,60,000** have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than **1,00,000** have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
You too are invited to visit Gujaratilexicon with a new interface.

♦♦♦♦♦♦♦

# 'લખે ગુજરાત'

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. 'સ્વર્ણીમ ગુજરાત'નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે 'વાંચે ગુજરાત'નું પણ એક જોરદાર અભીયાન ઉપડ્યું છે. આપણે તો 2005થી 'સન્ડે ઈ–મહેફીલ' મારફત 'વાંચે ગુજરાત'ની 'વાચનયાત્રા' શરુ કરી જ છે ! આજે પંદર હજાર સરનામે તે પહોંચે છે. સાથે સાથે શ્રી રતીલાલ ચંદરયાએ 'ગુજરાતીલેક્સિકોન' મારફત  લગભગ **45** લાખ શબ્દોનો વીશાળ શબ્દભંડોળ નેટ પર ઉપલબ્ધ કરાવી આપ્યો છે. આજ દીન સુધીમાં તેની લગભગ **75** લાખ મુલાકાતો નોંધાઈ ચુકી છે.

તો હવે ? આમ, ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ 'ગુજરાતી' મીત્રો વીશેષ શું કરી શકીએ 'ગુજરાત' અને 'મા ગુર્જરી'ની સેવામાં ? આપણે સૌ સાથે મળી કમ્પ્યુટરના સ્ક્રીન પર 'લખે ગુજરાત'ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તો તે 'ગુજરાતીઓ'ની મોટી સીદ્ધી ગણાશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. આજે ઘણાને 'રોમનાઈઝ્ડગુજરાતી'માં ક્યાંક બીજે લખીને, તેને ગુજરાતીમાં પરીવર્તીત કરીને, તેની કૉપી કરીને, અહીં પેસ્ટ કરવું પડે છે. એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે કમર કસીને તૈયારી કરી છે. તમે વીન્ડો એક્સપી, વીન્ડો સેવન કે એઈટ, કે વીસ્ટા કે એપલ–મૅક કંઈ પણ વાપરતા હો

તો પણ તમે આમ જ, અહીં કર્સર મુકી, સીધું જ, બહુ સરળતાથી, યુનીકોડ **'શ્રુતિ'** કે તમને જે ગમતા હોય તે ગુજરાતી યુનીકોડ ફોન્ટમાં અને દેવનાગરીમાં લખવું હોય તો **'મંગલ'** ફોન્ટમાં લખી શકો છો.

હવે તમારે, અમારી વેબ સાઈટ http://lakhe-gujarat.weebly.com/ ખોલી, માત્ર બે કીબોર્ડ ડાઉનલોડ કરવાનાં છે. બધી સામગ્રી ત્યાં જ મુકી છે, ઈન્સ્ટોલેશન પ્રક્રીયાની સુચનાવાળી ચીત્રો સાથેની પીડીએફ અને કીબોર્ડના મેપીંગની પીડીએફ પણ ત્યાં મુકી છે. ડાઉનલોડ પર 'ક્લીક' કરો અને બેઠેબેઠે જોયા કરો. બધું જ આપોઆપ ઈન્સ્ટોલ થતું જશે અને તમે ગુજરાતીમાં અને દેવનાગરીમાં પણ લખતા થઈ જશો.

ऐक बीजी वात. राष्ट्रभाषा हीन्दी के मराठी के संस्कृतमां लखवा माटे देवनागरी की-बोर्ड पण त्यां आप्युं ज छे. ते पण डाउनलोड करी राखवुं जरुरी छे. कंई ज अघरुं नथी. कारण, गुजराती अने देवनागरीनुं की-बोर्ड मेपींग तद्दन समान ज छे. जेम गुजरातीमां लखो, तेम ज लखता जवानुं.. अक्षरो देवनागरीमां लखाशे. आ लख्युं छे तेम ज..

આ સુવીધા ઉપલબ્ધ કરી આપનાર હાલ ચેન્નાઈસ્થીત પણ મુળ સુરતના ભાઈ હીમાંશુ મીસ્ત્રી અને તેમને સદા પ્રેરણા આપનાર શ્રી રતીલાલ ચંદરયાનો આભાર માનીએ.

કંઈ પણ તકલીફ જણાય તો તે વીશે કે તમારે કંઈક સુચનો કરવાં હોય તો, મને uttamgajjar@gmail.com પર જરુર લખજો. ઈન્સ્ટોલ કરો કે કરાવો અને લખતા થઈ જાઓ ગુજરાતીમાં. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે જ રહીશું... ગુજરાતી/દેવનાગરીમાં લખતાં શીખેલો એક જણ, બીજા ઓછામાં ઓછા એક જણને લખતા શીખવે તેવું અમારું સ્વપ્ન છે..

**'જય ગુજરાતી'**

Uttam Gajjar, e-mail: uttamgajjar@gmail.com

********************************